સુરત મહાનગરપાલિકા

મોજે : ડુંભાલ-મગોબ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૬૪ (ડુંભાલ-મગોબ ) તૈયાર કરવા બાબત.

## અધિસુચન

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭/૧૨/૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી.સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં.૧૨/૨૦૦૮, તા. ૦૫-૦૩-૨૦૦૮થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૬૪ માં ગુલાબી રંગની સળંગ રેખાથી દર્શાવેલ પરવટ-ગોડાદરા વિસ્તાર માટે નગર રચના યોજના, સુરત નં. ૬૪ (ડુંભાલ-મગોબ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગર સેવા સદનમાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

કમિશનર
સુરત મહાનગરપાલિકા

સુરત
તા. ૧૬-૦૩-૨૦૦૮

## ઠરાવ :-

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૦૫-૦૩-૨૦૦૮નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :

xxxxxxxxxx

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૨૯-૦૨-૦૮ નાં પત્ર નં.સી.પી.સ. ૮/૪૧ થી વિદિત થઈ, સુચિત નગર રચના યોજના, સુરત નં. ૬૪ (ડુંભાલ-મગોબ) તૈયાર કરવા અંગે ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. ૬૪ (ડુંભાલ-મગોબ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૧) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૧૨/૨૦૦૮ સર્વાનુમતે મંજુર**

નં.પી આર ઓ/૫૬૫૦૩-૦૮
તા. ૨૦/૩/૦૮

# જાહેર નોટીસ

## મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૬૪ (કુંભાલ-મગોબ)

નગર રચના યોજના સુરત નં. ૬૪ (કુંભાલ-મગોબ) નો મુસદ્દો તૈયાર કરવા નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૧૨/ ૨૦૦૮, તા. ૫-૩-૨૦૦૮ થી ઈરાદો જાહેર કરેલ છે. જે અન્વયે ઉક્ત નગર રચના યોજનાઓની મુસદ્દો અત્રેથી તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. સદરહુ નગર રચના યોજનામાં નીચે મુજબની જમીનોનો સમાવેશ થાય છે.

નગર રચના યોજના સુરત નં. ૬૪ (કુંભાલ-મગોબ)

મોજે : કુંભાલ બ્લોક નં.- ૬૫, ૬૬, ૭૧/૨૫, ૭૩, ૭૪ થી ૮૧, ૮૨/૧, ૯૪, ૯૫.

મોજે : મગોબ બ્લોક નં. ૧ થી ૩, ૧૦/૧, ૧૦/૨, ૧૧ થી ૫૭, ૫૮/૧, ૫૯, ૬૦, ૬૧/૧, ૬૧/૨, ૬૨ થી ૬૮, ૭૮, ૧૪૦ થી ૧૫૪.

નગર રચના યોજના વિસ્તારમાં સમાવિષ્ટ ઉક્ત બ્લોક નંબરોનાં જમીન માલિકોને નીચે મુજબના પુરાવાઓ સત્વરે અત્રેની કચેરીએ પાઠવી આપવા જણાવવામાં આવે છે.

(૧) જમીનની માલિકી અંગેના પુરાવા માટે ગામનાં ઉતારા નં. ૭-૧૨ ની નકલ.

(૨) આપની જમીન અંગેના હયાત સ્થળ સ્થિતિ દર્શાવતાં નકશાનાં માપનાં આંકડા સાથેની સર્ટીફાઈડ બે નકલ
(ડી.આઈ.એલ.આર.ની નકલ)

(૩) આપની જમીનમાં બાંધકામ થયેલ હોય તો તે અંગે મેળવેલ મંજુરીની સર્ટીફાઈડ નકલ.

(૪) આપની જમીન બાબતે વિકાસ પરવાનગી મેળવેલ હોય તો તેના પ્લાનની અને રજા ચિઠ્ઠીની નકલ તથા એન.એ. થયેલ હોય તો તેના હુકમની નકલ.

(૫) જમીનમાં ભાગલા થયેલ હોય તો તેના પુરાવા, ભાગલા કરાર, ભાગલાના નકશા.

આ માટે જરૂરી પુરાવાઓ રજુ કરવા જમીન માલિકોને અત્રેથી પત્રો લખવામાં આવી રહેલ છે. પરંતુ સરનામાના અભાવે કે અન્ય કોઈ કારણસર જો તેઓને ઉક્તપત્ર ન મળે તો આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦ (દસ) માં ઉપર મુજબના પુરાવાઓ ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ ડિપાર્ટમેન્ટ, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસ સિવાય કામકાજના સમય દરમ્યાન જે તે અધિકૃત દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખિતમાં રજુ કરવા આથી જણાવવામાં આવે છે. જો પુરાવાના અભાવે નગર રચના યોજનામાં કોઈ જવાબદારી અત્રેની રહેશે નહીં. જેની નોંધ લેશો.

નં. પીઆરઓ/૫૬૫/૦૭-૦૮
તા. ૨૦/૩/૦૮

ડાયરેકટર ઓ
સુરત મહાનગ